યોગ બોર્ડનો લોગો / નામ / રાષ્ટ્રીય
ચિહ્ન નો ઉપયોગ કરવા બાબત

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ
ગાંધીનગર
ક્રમાંક :ગયબ/યોગ/ઉપયોગ/૨૦૨૧/૨૦૫/૨
તા. ૨૦/૦૫/૨૦૨૧

**પરિપત્ર:-**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના તાલીમ પામેલ દરેક યોગ કોચ / યોગ ટ્રેનરો દ્વારા ગુજરાત રાજ્ય યોગ બોર્ડના નામનો / ગુજરાત રાજ્ય યોગ બોર્ડના લોગોનો અને રાષ્ટ્રીય ચિહનનો ગેરકાયદેસર રીતે ઉપયોગ કરવામાં આવે છે તેવું ધ્યાને આવેલ છે. જે માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માન. ચેરમેનશ્રીની સુચના મુજબ આથી દરેક યોગ કોચ / યોગ ટ્રેનરોને પરિપત્રિત કરવામાં આવે છે કે કોઇ પણ યોગ કોચ / યોગ ટ્રેનર / યોગ સાધક દ્વારા ગુજરાત રાજ્ય યોગ બોર્ડના નામનો / ગુજરાત રાજ્ય યોગ બોર્ડના લોગોનો અને રાષ્ટ્રીય ચિહનનો ઉપયોગ કરવાનો રહેશે નહી અને જયારે લોગો અથવા નામનો ઉપયોગ કરવાની જરૂરીયાત રહે ત્યારે યોગ બોર્ડની પૂર્વ મંજુરી મેળવીને જ કરવાનો રહેશે. અન્યથા ગુજરાત રાજ્ય યોગ બોર્ડના નામનો / ગુજરાત રાજ્ય યોગ બોર્ડના લોગોનો અને રાષ્ટ્રીય ચિહનનો ઉપયોગ ગેરકાયદેસર રીતે કરવો સજાપાત્ર ગૂન્હો બને છે. જેની તમામ યોગ કોચ / યોગ ટ્રેનરોએ નોંધ લેવી.

આથી કોઇપણ યોગ કોચ / યોગ ટ્રેનર પોતાના ગુજરાત રાજ્ય યોગ બોર્ડના નામની સાથે લોગોની સાથે પોતાના લેટર પેડ , વીઝીટીંગ કાર્ડ , રબ્બર સ્ટેમ્પ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આપવામાં આવેલ બેનર સિવાય અન્ય કોઇ બેનરમાં , અન્ય કોઇ જાહેરાતમાં કે ડીજીટલ ડીઝાઇનમાં ઉપયોગ કરવાનો રહેશે નહી. જેની પણ તમામ યોગ કોચ / યોગ ટ્રેનરોએ ગંભીરતાથી નોંધ લેવી.

મંજુરી મેળવવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ખાસ ફરજ પરના અધિકારીશ્રીની ઇ-મેઇલ આઇ.ડી.osdyogboard@gujarat.gov.in ઉપર મેઇલ કરી કન્ફર્મેશન મળ્યા બાદ જ ઉપયોગ કરવાનો રહેશે.

ખાસ ફરજ પરના અધિકારી
ગુજરાત રાજ્ય યોગ બોર્ડ
ગાંધીનગર

પ્રતિ
તમામ યોગ કોચ / યોગ ટ્રેનરો તરફ..... અમલવારી અર્થે.

Scanned with CamScanner